# જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થ્ય વચ્ચેનાં સંબંધનો અભ્યાસ

ડો. દર્શનકુમાર એન. ઠક્કર
અધ્યાપક,
શ્રી એ.એલ.જે. પટેલ એન્ડ શ્રી ડી.જે. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ચકલાદ–સરભાણ.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## ૧. સાર સંક્ષેપ

પસ્તુત સંશોધનની સમસ્યા જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર નાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થ વચ્ચેનાં સંબંધનો અભ્યાસ કરવાનો હતો. જેમાં સરકારી ઉદ્યોગો અને બિન સરકારી ઉદ્યોગોમાંથી મેનેજર, સુપરવાઈઝર અને વર્કસ એમ મોટી સમષ્ટિમાંથી નિદર્શ તરીકે કુલ N = 180 કર્મચારીઓને પસંદ કરવામાં આવ્યાં હતાં. માહિતી એકત્રી કરણનાં સાધન તરીકે વ્યકિતગત માહિતી પત્રક, ઓઝા હરદેવ રચિત OJS Q- કાર્યસંતોષ પ્રશ્નાવલિ તથા ભટ્ટ ડી.જે. અને ગીડા ગીતા રચિત કર્મચારી માનસિક સ્વાસ્થ સંશોધનીકા નો ઉપયોગ કરવામાં આવ્યાં હતાં. પ્રાપ્તાંકો વચ્ચેનાં સહ સંબંધ ને તપાસવા માટે આંકડા શાસ્ત્રીય વિશ્વલેષ માટે પીયરસનની Co-Relation Method પધ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યાં હતાં. અભ્યાસનાં પ્રાપ્ત તારણોમાં જાણવા મળ્યું હતું કે, જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતે સહ સંબંધાંક – 0.25 આવે છે. જે r=0.01 અને 0.05 ની કક્ષાએ સાર્થકતા દર્શાવે છે. ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. માટે આ કર્મચારીઓ વચ્ચે કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં નકારાત્મક સહસંબંધ જોવા મળે છે.

## ૨.પરિચય

"માનવી અને માનવેતર પ્રાણિઓનાં વર્તન પરનો અભ્યાસ કરનારૂ શાસ્ત્ર એટલે મનોવિજ્ઞાન" મનોવિજ્ઞાન વિશાળ વટવૃક્ષ છે. જેની ઘણી બધી શાખાઓ છે. જેમાં ઔદ્યોગીક મનોવિજ્ઞાન એ વિશાળ ક્ષેત્ર છે. જેમાં ઘણાં બધાં કર્મચારીઓ જે તે ઉદ્યોગને પોતાની લાયકાત, કૌશલ્ય અને અનુભવ ધ્વારા સાથે મળી સહકારની ભાવનાની ઉત્પાદન કરે છે. અને પોતાની યોગ્યતા મુજબ વેતન પણ મેળવે છે.

પણ, ઘણાં બધાં ઉદ્યોગોમાં આજે સ્પર્ધા, હરિફાઈ, આંતરિક સંઘર્ષો, હડતાળ અને બીજા અનેક વ્યકિતગત કારણોસર કર્મચારીઓ અસંતોષ અને અસલામતીની લાગણીનો અનુભવ કરતાં હોય છે. ત્યારે તે સમયે નિષ્ણાંત, અનુભવી અને લાયકાત ધરાવનાર મનોચિકિત્સકની મદદ લેવી પડે છે. જેથી આવા પ્રશ્નો – સમસ્યાઓને દુર કરવાનો શકય તેટલો પ્રયાસ કરી શકાય.

## ૩. કાર્ય સંતોષ

"વ્યકિતને પોતાનાં કાર્યમાંથી મળતો સંતોષ અથવા રાહત"

## ૪. માનસિક સ્વાસ્થય

"માનસિક સ્વાસ્થય એટલે" વ્યકિત અને સમાયોજન પર અસર કરતાં બધાં જ પરિબળોનો વ્યવસ્થિત અભ્યાસ અને તે અભ્યાસનાં પરિણામોનો ફાયદાકારક ઉપયોગ.

– કલીન ડી.બી. (૧૯૩૬)

## ૫. પધ્ધતિ

### *૫.૧ સંશોધનની સમસ્યા*

"જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચેનાં સંબંધનો અભ્યાસ"

### *૫.૨ સંશોધનના મુખ્ય હેતુઓ*

(૧)જાહેર ક્ષેત્રના કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચેનાં સહસંબંધનો અભ્યાસ કરવો.
(૨)ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચેનાં સહસંબંધનો અભ્યાસ કરવો.
(૩)જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચેનાં સહસંબંધનો અભ્યાસ કરવો.

### *૫.૩ સંશોધનની શૂનય ઉત્કલ્પના*

(૧)જાહેર ક્ષેત્રના કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં કોઈ સાર્થક સહસંબંધ નથી.
(૨)ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં કોઈ સહસંબંધ નથી.
(૩)જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં કોઈ સાર્થક સહસંબંધ નથી.

### *૫.૪ પરિવર્ત્યો*

ફીકટોરીયલ ડીઝાઈન (પ્રાયોગિક યોજના) (2x3) મુજબ નિદર્શ N=180 ના આધારે નીચે મુજબ પરિવર્ત્યોને પસંદ કરવામાં આવ્યાં હતાં.
(૧)સ્વતંત્ર પરિવર્ત્યો (A)ઉદ્યોગ=A1=જાહેરક્ષેત્ર A2=ખાનગીક્ષેત્ર (B)કર્મચારી=B1=મેનેજર B2=સુપરવાઈઝર B3=વર્કર્સ
(૨)આધારિત પરિવત્યો –કાર્યસંતોષ

### *૫.૫ માનસિક સ્વાસ્થય*

**વ્યાપ વિશ્વ અને નિદર્શ**

પ્રસ્તુત અભ્યાસમાં જાહેરક્ષેત્ર (ઉદ્યોગો–સરકારી) અને ખાનગીક્ષેત્ર (ખાનગી ઉદ્યોગો) નાં કુલ N=180 કર્મચારીઓને મોટી સમષ્ટિમાંથી યાદૃચ્છિક રીતે નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

### *૫.૬. સંશોધનનાં સાધનો*

(૧)વ્યકિતગત માહિતી પત્રક
(૨)કર્મચારી કાર્યસંતોષ પ્રશ્નાવલી (O.J.S.Q.) હરદેવ ઓઝા રચિત – ગુજરાતી અનુવાદ
(૩)કર્મચારી માનસિક સ્વાસ્થય સંશોધનીકા –ભટ્ટ ડી. જે. અને ગીડા ગીતા આર. રચિત

## ૬. આંકડાશાસ્ત્રીય વિશ્વલેષણ

પ્રસ્તુત સંશોધન સમસ્યા, હેતુઓ, ઉત્કલ્પનાઓ તથા નિદર્શની સંખ્યાનાં આધારે માહિતી એકત્રીકરણનાં સાધનોનો યોગ્ય ઉપયોગ કરી પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચેનો સહ સંબંધાંક જાણવા માટે 'પીયરસન' ની (O - Relation Method) (સહ–સંબંધ પધ્ધતિ) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૭. પરિણામો

પ્રસ્તુત અભ્યાસનાં હેતુઓ, ઉત્કલ્પનાઓ તથા આંકડાશાસ્ત્રીય વિશ્વલેષણનાં આધારે પ્રાપ્ત પરિણામોને નીચેનાં કોષ્ટકો ધ્વારા દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક નં.૧ જાહેર ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતે નિદર્શની સંખ્યા, પ્રાપ્તાંકોનો સરવાળો, મધ્યક અને સહસંબંધાંક દર્શાવતું કોષ્ટક**

| જાહેરક્ષેત્રના કર્મચારી | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | મધ્યક | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| કાર્યસંતોષ | 90 | 2197 | 24.41 | | |
| | | | | - 0.08 | અસાર્થક |
| માનસિક સ્વાસ્થય | 90 | 2533 | 28.14 | | |

ઉપરનાં કોષ્ટક નં. ૧ જોતાં સ્પષ્ટ જણાય છે કે, જાહેર ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં કોઈ સાર્થક સહસંબંધ જોવા મળતો નથી. કારણ કે સહસંબંધાંક – 0.08 જોવા મળે છે. જે 0.05 ની કક્ષાએ અસાર્થક કક્ષા દર્શાવે છે. અને નકારાત્મક સહસંબંધ દર્શાવે છે.

**કોષ્ટક નં.૨ ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતે નિદર્શની સંખ્યા, પ્રાપ્તાંકોનો સરવાળો, મધ્યક અને સહસંબંધાંક દર્શાવતું કોષ્ટક.**

| ખાનગીક્ષેત્રના કર્મચારી | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | મધ્યક | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| કાર્યસંતોષ | 90 | 2169 | 24.10 | | |
| | | | | - 0.18 | સાર્થક |
| માનસિક સ્વાસ્થય | 90 | 2499 | 27.76 | | |

ઉપરોકત કોષ્ટક નં. ૨ ને જોતાં સ્પષ્ટ દેખાય છે કે, ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં સાર્થક સહસંબંધ જોવા મળે છે. અહીં ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે. કારણ કે સહસંબંધાંક - 0.18 આવે છે. જે r=0.05 ની કક્ષાએ સાર્થક તફાવત દર્શાવે છે. અને નકારાત્મક સહસંબંધ દર્શાવે છે.

**કોષ્ટક નં.૩ જાહરે ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં નિદર્શની સંખ્યા, પ્રાપ્તાંકોનો સરવાળો, મધ્યક અને સહસંબંધાંક દર્શાવતું કોષ્ટક**

| કર્મચારીઓ (જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર) | સંખ્યા | પ્રાપ્તાંકોનો સરવાળો | મધ્યક | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|---|---|---|
| કાર્યસંતોષ | 180 | 4314 | 23.97 | | |
| | | | | - 0.25 | સાર્થક |
| માનસિક સ્વાસ્થય | 180 | 4988 | 21.71 | | |

ઉપરોકત કોષ્ટક નં. ૩ ને જોતાં સ્પષ્ટ જણાય છે કે, જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીનાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયની બાબતમાં સાર્થક સહસંબંધ જોવા મળે છે. કારણ કે સહસંબંધાંક – 0.25 જેટલો જોવા મળે છે. જે નકારાત્મક સહસંબંધ દર્શાવે છે. ઉપરાંત અહીં ઉત્કલ્પનાનો પણ અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે, જાહેર ક્ષેત્ર અને ખાનગીક્ષેત્રનાં કર્મચારીઓનાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થયમાં સહસંબંધ જોવા મળે છે.

## ૮. પરિણામની ચર્ચા અને તારણો

પ્રસ્તુત અભ્યાસની પ્રાપ્ત માહિતીનાં આધારે તારણો અને પરિણામ વિશે ચર્ચા આ પ્રમાણે છે.
(૧)જાહેર ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચે સાર્થક જોવા મળતો નથી.
(૨)ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળે છે.
(૩)જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રનાં કર્મચારીઓમાં કાર્યસંતોષ અને માનસિક સ્વાસ્થય વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળે છે.

સંદર્ભ સૂચિ

૧. પરીખ, બી. એ. તથા અન્ય (2012). "ઔદ્યોગિક મનોવિજ્ઞાન" ન્યુ પોપ્યુલર પ્રકાશન, ત્રીજી આવૃતિ – 2012

૨. ભટ્ટ, કે.કે. (2000). ચિકિત્સા મનોવિજ્ઞાન ભાગ–૧ અને ભાગ–૨, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ત્રીજી આવૃતિ – 2000

૩. પટેલ, આર. એસ. (2012). સંશોધનની પાયાની સંકલ્પનાઓ, જય પ્રકાશન, બીજી આવૃતિ.

૪. http:/ /www.scirp.org/journal/psych

૫. World Applied Sciences Journal 22 233-2383 2013 (ISSN 1818-4952)